**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૫/૦૬/૨૦૧૬ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ ક્વૉટર ઇગ્લીશ દારૂ અને ૦૨ બિયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૯,૧૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૦૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૦૧/૧૬**

**ગાયકવાડ હવેલી** : સુનીલભાઇ કપુરાજી સરગડા (ઉ.વ.૨૨) (રહે,મહાજનનો વંડો, જમાલપુર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૬/૨૦૧૬ રાતનાં ૧૦/૧૫ વાગ્યાના સુમારે મ્યુની.કોઠાની સામે ફુટપાથ ઉપર પોતાના ભાઇ કિશોરભાઇ ઉર્ફે મેણૉ કપુરાજી સરગડા (ઉ.વ.૨૫) (રહે,મ્યુની.કોઠા ફુટપાથ ઉપર) ને કોઇ અજાણી વ્યક્તિએ કોઇ ધારદાર હથીયાર વડે જમણા પગના સાથળના ભાગે તથા થાપાના ભાગે ઇજાઓ પહોચાડી, કિશોરભાઇનું મૃત્યુ નિપજાવ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એમ.શેલાર ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૧૦૨/૧૬**

**રામોલ** : અરવિંદભારથી શંકરભારથી ગોસ્વામી (રહે.વસાવડા હોલની સામે, ખોખરા) એ તા.૧૪/૬/૧૬ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે બે વર્ષ અગાઉથી તા.૧૩/૬/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) પતિઃ પુષ્પકગીરી યોગેશગીરી ગોસ્વામી (૨) સસરાઃ યોગેશગીરી ભવાનગીરી અને (૩) સાસુઃ ભાવનાબહેન યોગેશગીરી ગોસ્વામી (તમામ રહે. પ્રભુપાર્ક સોસાયટી, દરબારનગર, સિંધવાઇ માતાનાં મંદિર પાસે, રામોલ) નાઓએ ભેગામળી અરવિંદભારથીની દિકરી ભાવિકાબહેન (ઉ.વ.૨૬) ને શારીરીક અને માનશીક ત્રાસ આપતાં, તા.૧૩/૬/૧૬ ના કલાક ૭/૪૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાની સાસરીમાં ભાવિકાબહેને પંખા સાથે દુપટ્ટો બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૦૩/૧૬</u>**

**વટવા** : પ્રહલાદભાઇ મફાભાઇ નાડિયા (રહે,ખેમા-હેમાની ચાલી, ભવાનીનગરનો ટેકરો, સી.એમ.સી. વેરાની સામે, ઓઢવ) એ તા.૧૪/૬/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૬/૧૬ નાં કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે વટવા ઇસનપુર મોની હોટલનાં ખાંચામાં, સહજાનંદ એસ્ટેટમાં દાણા બનાવવાની ફેક્ટરીમાંથી પોતાની પુત્રી ભાવના (ઉ.વ.૧૭) ને આરોપી લાલસાહેબ ઉર્ફે અજય ધર્મરાજ પટેલ (જેના પુરા નામ-સરનામાની ખબર નથી) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.ડી.ગોહીલ ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૦૪/૧૬**

**નવરંગપુરા** : હરીલાલ લખમસી સોની (રહે.વોરા કોલોની, નવા અંજાર, કચ્છ) એ તા.૧૪/૬/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૧૬ સાંજનાં છ વાગ્યાથી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) ભાવેશભાઇ (એન.એમ.એન્ડ કંપનીનો કર્મચારી) અને (૨)નિમેષભાઇ શૈલેષભાઇ સોની (રહે.પાર્થ બંગલો, કોમલવિહાર, વિ.આર.નગર કોલેજ રોડ, ભુજ કચ્છ)એ નવરંગપુરા સી.જી.રોડ, સુપરમોલ ખાતેથી ૪૦૦ ગ્રામ ગોલ્ડબાર(બીસ્કીટ) કિંમત રૂપિયા ૧૦,૧૬,૬૦૦/- લઈ જઈ, તે પાર્સલ હરિલાલ સોનીને લાલબહાદુર શાસ્ત્રી રોડ, કસ્ટમચોક પાસે અંજાર કચ્છ ખાતે નહીં પહોંચાડી, હરિલાલ સોની સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૦૫/૧૬</u>**

**સેટેલાઇટ** : સુમનબહેન રાજાભાઇ શિવનાણી (રહે.જોડીએક એસ્ટેટ, બોડકદેવ, વસ્ત્રપુર) એ તા.૧૪/૬/૧૬ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૬/૧૬ રાતના ૧૨/૩૦ થી તા.૧૪/૬/૧૬ નાં કલાક ૧૨/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન સેટેલાઇટ, માણેકબાગ સોસાયટી ખાતે આવેલ પોતાના પિતાજી નાં મકાન નંબર-૧૧૧નાં રસોડાની બારીનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, પિતાજીનાં બેડરૂમમાં મુકેલ તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૧,૨૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.વાઘેલા ચલાવે છે.

**કાલુપુર** : **શાયરભાઇ ગીરીશભાઇ શાહ** (રહે.પાર્વતીપાર્ક એપાર્ટમેન્ટ, ઠાકોરપાર્ક સોસાયટી, ફતેહપુરા, પાલડી) એ તા.૧૪/૬/૧૬ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૬/૧૬ રાતના ૮/૩૦ થી તા.૧૧/૬/૧૬ સવારનાં ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન કાલુપુર ઘી કાંટા પર દિવ્યલક્ષ્મી-૨ કોમ્પલેક્ષનાં પહેલા માળે આવેલ દુકાન નંબર ૧૦૯, ૧૧૦ માં આવેલ પોતાના ગોડાઉનનાં શટરનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, જુદી-જુદી સાઇઝની આશરે ૬૦૦ થી ૭૦૦ નંગ જીન્સ પેન્ટ આશરે કિંમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- મતાનાં ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.પી.મેઘલાતર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૦૬/૧૬</u>

સોલા હાઇકોર્ટ : રણછોડભાઈ મફતલાલ પટેલ (રહે.ચીપદાસ મહોલ્લો, સોલા ગામ) એ તા.૭/૬/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે સોલા, રવિરાજ સોસાયટી બંગલા નં.૧૨ નજીક પોતાની સેંટ્રો કાર નંબર જીજે ૦૧ એચ.પી.૩૦૯૨ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૮/૬/૧૬ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ રણછોડભાઇ પટેલે તા.૧૪/૬/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)